GJCU070000592021

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તી તારીખ | ૦૮/૦૧/૨૦૨૧ | | |
| નોંધ્યા તારીખ | ૦૮/૦૧/૨૦૨૧ | | |
| ફેસલ તારીખ | ૦૧/૦૯/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૫ | ૦૭ | ૨૪ |

**ફોજદારી કેસ નં. ૩૪/૨૦૨૧**
**આંક–**

# <u>મે.એડી.ચીફ.જયુ.મેજીસ્ટ્રેટ સાહેબશ્રી યુ.ડી.જાંબુની કોર્ટ, બોડેલી</u>

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **વિ....રુ....ધ્ધ** | |
| **આરોપી** | **૧. સંજયકુમાર વિક્રમભાઈ બાવળીયા**<br>ઉ.વ.૨૨, ધંધો. મજુરી<br>રહે. માકણા, તા. કામરેજ, જી. સુરત<br>મુળ રહે. નટવરગઢ, તા. લીમડી, જી. સુરેન્દ્રનગર,<br>**૨. રાહુલગીરી જયસુખગીરી ગોસ્વામી**<br>ઉ.વ. ૩૦, ધંધો. મજુરી<br>રહે. પટેલનગર, તા. કામરેજ, જી. સુરત<br>મુળ રહે. નાની વાવડી, તા. ગારીયાધાર, જી. ભાવનગર |

| |
|---|
| **ગુન્હો:–પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એઈ, ૯૮(૨), ૮૧, ૮૩ મુજબ** |
| **રજુઆત**<br>**ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી બી. એ. વસાવા**<br>**આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી એ.એમ. લાલા** |

# –::: ચુકાદો :::–

**(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ આ કામના ફરિયાદી તથા સ્ટાફનાઓ પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે બે પંચો સાથે વણધા ત્રણ રસ્તા ઉપર વોચમાં હતા તે દરમ્યાન આ કામના આરોપીઓ તેમના કબજા ભોગવટા ની ઈકકો ગાડી રજી નં.જીજે.૧૫.સીએ.૦૦૮૫ માં વગર પાસ પરમીટની વિદેશી દારૂની કુલ બોટલો નંગ–૮૧, કિં.રૂા.૩૧,૪૩૦/– નો રાખી, નાકાબંધી દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરેલ હોય, આ બાબતે ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ બોડેલી પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરિયાદ નોંધાવેલ છે. જે ગુનાની તપાસના કામે તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

(૨) હાલના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓને કોર્ટમાં હાજર થવા સમન્સ કરવામાં આવતા આરોપીઓ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો. કોડ ની કલમ –૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુન્હા સબબ **આંક–૧૧** થી આરોપીઓ વિરૂધ્ધ **તહોમત નામું** ફરમાવી **આંક–૧૨ તથા ૧૩** થી નિવેદન રેકર્ડ કરતા આરોપીઓએ ગુન્હા નો ઈન્કાર કરતા કેસ ની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**::: મૌખિક પુરાવાઓ :::**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ભારતસિંહ પશવાભાઈ | ફરીયાદી | ૧૭ |
| ૨. | શૈલેષભાઈ કનુભાઈ | પોલીસ સાહેદ | ૧૯ |
| ૩. | બાવચંદભાઈ ભગવાનભાઈ | પોલીસ સાહેદ | ૨૦ |
| ૪. | રણજીતસિંહ તખતસિંહ | મુદ્દામાલ વાહન તથા પ્રોહી.મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ | ૨૧ |
| ૫. | કીર્તનભાઈ કંચનભાઈ પટેલ | મુદ્દામાલ વાહન તથા પ્રોહી.મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના અન્ય પંચ | ૨૩ |
| ૬. | અશ્વીનભાઈ એ. સરવૈયા | તપાસ કરનાર અમલદાર | ૨૪ |

**::: દસ્તાવેજી પુરાવાઓ :::**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૮ |
| ૨ | મુદ્દામાલ વાહન તથા દારૂ કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૨૨ |

ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆત ધ્યાને લઈ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. સબબ કામે ક્રિ.પ્રો. કોડની

કલમ–૩૧૩ અન્વયે આરોપીઓ નિયમિત હાજર રહેતા ન હોય તેઓના વિશેષ નિવેદન નોંધાયેલ નથી.

ત્યારબાદ ઉભયપક્ષની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) હાલનાં કામની ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલા તમામ પુરાવાઓ વંચાણે લેતા,

**૪.૧.** ફરિયાદપક્ષે **આંક–૧૭** થી **ફરીયાદી–ભારતસિંહ પશવાભાઈ**ને સોગંધ ઉપર તપાસેલા છે. ફરિયાદીએ તેમની જુબાની દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના અન્ય માણસો ચલામલી ઓ.પી. મા પેટ્રોલીંગમા હતા ત્યારે બાતમી મળેલી કે, ટીંબરવા ગામ તરફથી વણધા ચોકડી તરફ એક મારૂતી ગાડી રજી નં.જીજે.૧૫ સીએ.૦૦૮૫ મા બે ઈસમો વિદેશી દારૂ લઈને જનાર છે. જેથી બે પંચોના માણસોને બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી વણધા ત્રણ રસ્તા પાસે વોચમા ઉભા હતા ત્યારે બાતમી વાળી ગાડી આવતા તેને ઉભી રાખી ડ્રાઈવરને નામ પુછતા સંજયભાઈ વિક્રમભાઈ બાવળીયા તેમજ બાજુમાં બેસેલ ઈસમે રાહુલગીરી જયસુખગીરી જણાવેલ. ગાડીમાં તપાસ કરતા નીચે ગુપ્ત ખાનુ બનાવી તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની જુદી–જુદી બ્રાન્ડની કુલ બોટલો નંગ–૮૧ કિંમત રૂા.૩૧,૪૩૦/– નો મળી આવેલો. આ બાબતનુ પંચનામુ પી.એસ.આઈ શ્રીએ કરેલુ, બનાવ અંગે ભારતસિંહ પશવાભાઈએ ફરીયાદ આપેલી. ફરિયાદીએ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવી **ફરિયાદ આંક–૧૮** થી પુરાવામાં રજુ રાખેલ છે.

આરોપીઓ તરફેની ઉલટતપાસમા ફરિયાદીએ સ્વીકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ લખાવેલા નથી, પંચોને કોણ બોલાવી લાવેલુ તે

જણાવેલુ નથી, આ કામે કોઈ પ્રાથમીક પંચનામુ કરેલુ નથી. તે સિવાયની અન્ય વિગતોનો ઈન્કાર કરેલો છે.

**૪.૨.** ફરિયાદપક્ષે **આંક–૧૯ થી પોલીસ સાહેદ–શૈલેષભાઈ કનુભાઈ તથા આંક–૨૦ થી પોલીસ સાહેદ–બાવચંદભાઈ ભગવાનભાઈને** તપાસેલ છે. આ બંને સાહેદોની જુબાની સંયુકત રીતે વંચાણે લેતાં તેમાં તેઓએ ફરિયાદની હકીકતોને સમર્થન કરેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, તપાસ કરનારે તેઓનું નિવેદન નોંધેલ છે.

આરોપીઓ તરફેની ઉલટતપાસમાં સાહેદોએ સ્વીકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ લખાવેલા નથી, પંચોને કોણ બોલાવી લાવેલુ તે જણાવેલુ નથી, આ કામે કોઈ પ્રાથમીક પંચનામુ કરેલુ નથી. તે સિવાયની અન્ય વિગતોનો ઈન્કાર કરેલો છે.

**૪.૩.** ફરિયાદપક્ષે આ કામે મહત્વનું કહી શકાય તેવું પ્રોહી.મુદ્દામાલ રીકવરી તેમજ મુદ્દામાલ વાહન કબજે કર્યાનું પંચનામું પુરવાર કરવા માટે **આંક–૨૦** થી **પંચ–સાહેદ બાવચંદભાઈ ભગવાનભાઈ ને તથા આંક–૨૧ થી રણજીતસિંહ તખતસિંહ** થી તપાસેલ છે. સદર પંચ સાહેદોએ તેમની જુબાની દરમ્યાન પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવી પોતાની સહી પંચનામામાં ઓળખી બતાવેલ છે, તેમજ **આંક–૨૨** થી પંચનામુ પુરાવામાં રજુ રાખેલ છે. પરંતુ આ પંચનામાની અન્ય મહત્વની મુદ્દામાલ રીકવરીની તેમજ આરોપીઓની કે વાહનની વિગતો લેશમાત્ર જુબાની દરમ્યાન જણાવેલ નથી. આમ, ફરિયાદ પક્ષે આ મહત્વનું પ્રોહી.મુદ્દામાલ રીકવરી તથા વાહન કબજે કર્યાનું પંચનામુ પુરવાર થયેલ નથી.

**૪.૪.** ફરીયાદ પક્ષે **આંક–૨૪ થી તપાસ કરનાર અમલદાર–અશ્વીનભાઈ એ.સરવૈયા**ને સોગંધ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સદર તપાસ તેઓને સોંપતા તેઓએ સંભાળી લઈ પંચનામુ કરેલુ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તેઓએ ચાર્જશીટ કરેલુ તેમજ આરોપીઓને ઓળખતા હોવાનુ જણાવેલુ છે.

આરોપીઓ તરફેની ઉલટ તપાસમા એ બાબતોનો સ્વીકાર કરેલો છે કે, પંચોને કોણ બોલાવી લાવેલુ તે તેઓને ખ્યાલ નથી, પંચોને સમજ કરતુ પ્રાથમીક પંચનામુ રજુ કરેલુ નથી, તે સિવાયની અન્ય વિગતોનો ઈન્કાર કરેલો છે.

(૫) આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ નથી.

(૬) આમ, રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતાં, આ કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલુ નથી, આ કામે રેઈડવાળુ સ્થળ જાહેર રોડ ઉપર હોવાં છતાં તેમજ ત્યાં ઘણા વાહનો અને માણસોની અવરજવર રહે છે તેમ છતાં તપાસ કરનારે તપાસમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તેમજ આ કામે મહત્વનું કહી શકાય તેવું પ્રોહી.મુદ્દામાલ રીકવરી તથા વાહન કબજે કર્યાનું પંચનામુ પુરવાર થયેલ નથી. આ કામે કોઈ પ્રાથમિક પંચનામુ પણ કરવામાં આવેલ નથી. આ કામે મુદ્દામાલ વિદેશી દારૂ હોવા બાબતેનો કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ થયેલ નથી. ફોજદારી ન્યાયશાસ્ત્ર નો મૂળભૂત સિધ્ધાંત છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા ફરિયાદપક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે.

નામદાર સુપ્રિમ કોર્ટે **તા.૧૧–૦૮–૨૦૨૨** ના રોજ **RAM NIWAS VS STATE OF HARYANA** ના ચુકાદાના પેરા–૨૦ માં ઠરાવેલ છે કે,

" **Para 20** - It is settled law that the suspicion however strong it may be, cannot take the place of proof beyond reasonable doubt. An accused cannot be convicted on the ground of suspicion, no matter how strong it is. An accused is presumed to be innocent unless proved guilty beyond a reasonable doubt."

ઉપરોકત સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાનીને આધારે આ કામની ફરિયાદની વિગતે હાલના કામના આરોપીઓના કબજાના વાહનમાંથી ફરિયાદમાં જણાવેલ વિગતે જાહેર રોડ વાળા વિસ્તારમાંથી ગેરકાયદેસર પ્રોહી મુદ્દામાલ પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ હોય પરિણામે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: હુ ક મ :::

(૧) આ કામના તહોમતદાર–**૧. સંજયકુમાર વિક્રમભાઈ બાવળીયા,** રહે. માકણા, તા.કામરેજ, જી.સુરત. મુળ રહે.નટવરગઢ, તા.લીમડી, જી.સુરેન્દ્રનગર, તથા **૨. રાહુલગીરી જયસુખગીરી ગોસ્વામી,** રહે.પટેલ નગર, તા.કામરેજ, જી.સુરત, મુળ રહે.નાની વાવડી, તા.ગારીયાધાર ,જી.ભાવનગરનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એઈ, ૯૮(૨), ૮૧, ૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ''**નિર્દોષ**'' ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યા બાદ, સદર કામે કબજે લીધેલ મુદ્દામાલ વાહન અન્વયે અગાઉ જો વચગાળાનો હુકમ કરી પરત કરેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને તેમાં જણાવેલ શરતો રદ કરવામાં આવે છે, અને જો અગાઉ વચગાળાનો હુકમ થયેલ ન હોય અથવા મુદ્ધામાલ અરજી નામંજુર કરેલ હોય તો સદર વાહન જરૂરી ખરાઈ કરી તેના માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્ધામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહીબીશન મુદ્ધામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ.પ્રો. કોડ ની ૪૩૭(એ) મુજબ આરોપીઓએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧ લી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૦૧/૦૯/૨૦૨૬**
**સ્થળ : બોડેલી**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ,**
**બોડેલી**
**JUDGE CODE GJ01463**

// A.G.B //